**ફોજદારી કેસ નંબર 18866/22**

## *// આંક – ૧ લગત હુકમ //*

આ કેસનું કેસ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધું. સદર કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતા આરોપી સામે જે ગુનાનો આક્ષેપ છે તે ગુનો સામાન્ય ટ્રાયેલબલ ગુનો છે તેમજ આરોપી સામેનો કેસ પોલીસ રિપોર્ટના આધારે દાખલ થયેલ છે તથા ચાર્જસીટ દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા અવાર નવાર સમન્સ/વોરંટ કાઢવા છતાં આરોપીને હાજર રાખવામાં પોલીસ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે. તદઉપરાંત આરોપીને હાજર ન રાખવા અંગે કોઈ યોગ્ય અને વ્યાજબી કારણ રજુ નથી. તથા નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવે તેવી કોઈ શક્યતા જણાતી ન હોય જેથી આવા અસામાન્ય તથા વિશીષ્ટ સંજોગોમાં આરોપી વિરૂદ્ધની ન્યાયીક કાર્યવાહી વીના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશક્ય જણાતુ હોય ફો.કા.અ.ની કલમ–૨૫૮ અન્વયે ન્યાના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**//હુ ક મ//**

આથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ અન્વયે આરોપી સામેની કાર્યવાહી પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, એવો હુકમ કરવામાં આવે છે કે, આરોપી જ્યારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરિયાદપક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૦(૫) અન્વયે કાર્યવાહી કરી શકશે.

હુકમ આજરોજ તારીખ ૯ મી માર્ચ ૨૦૨૪ ના રોજ મેજીસ્ટરીયલ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

( એસ.પી.ચોપરા )

તારીખઃ– ૦૯ / ૦૩ / ૨૦૨૪ — જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

સ્થળઃ– અમદાવાદ(ગ્રામ્ય) — અમદાવાદ(ગ્રામ્ય)

U.I.CODE GJ 01377